# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 18-04-2025 Day: Friday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **નેહલ ઠક્કર** વાંચે છે.

---

## રાજ્ય-ટેકાના ભાવ:

કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું છે કે, રાજ્યમાં આગામી 21 એપ્રિલથી ચણા અને રાયડાની ટેકાના ભાવે ખરીદી શરૂ થશે. તેમણે કહ્યું કે, એક હજાર 903 કરોડ રૂપિયાના કુલ 3 લાખ 36 હજાર મેટ્રિક ટન ચણાના જથ્થાની અને 767 કરોડ રૂપિયાના એક લાખ 29 હજાર મેટ્રિક ટન રાયડાની ટેકાના ભાવે ખરીદી કરાશે.

શ્રી પટેલે જણાવ્યું કે, કેન્દ્ર સરકારે વર્ષ 2024-25ની રવિ મોસમ દરમિયાન ચણા માટે 5 હજાર 650 રૂપિયા પ્રતિ ક્વિન્ટલ તથા રાયડા પાક માટે 5 હજાર 950 રૂપિયા પ્રતિ ક્વિન્ટલ ટેકાનો ભાવ જાહેર કર્યો હતો. ટેકાના ભાવે ચણાના વેચાણ માટે રાજ્યના 3 લાખ 36 હજારથી વધુ ખેડૂતોએ તેમજ રાયડાના વેચાણ માટે એક લાખ 18 હજારથી વધુ ખેડૂતોએ ઓનલાઈન નોંધણી કરાવી છે. ચણા માટે નક્કી કરાયેલા 179 ખરીદ કેન્દ્રો અને રાયડા માટે નક્કી કરાયેલા 87 ખરીદ કેન્દ્રો ખાતેથી ટેકાના ભાવે ખરીદી કરાશે.

---

## વિશ્વ વિરાસત દિવસ:

**આજે વિશ્વ વિરાસત દિવસની ઉજવણી કરાશે.** ગુજરાતમાં પણ સ્થાપત્ય, ઈતિહાસ, જળ વ્યવસ્થાપન, કલા, શ્રેષ્ઠ નગર આયોજન જેવા વિષયોને કેન્દ્ર સ્થાને રાખીને યુનેસ્કો દ્વારા ચાંપાનેર, રાણીકી વાવ, અમદાવાદ સિટી અને  ધોળાવીરા એમ ચાર સાઈટને વર્લ્ડ હેરિટેજ-વિશ્વ વિરાસતનો દરજ્જો આપવામાં આવ્યો છે.

**દેશનાં 43 વિશ્વ વારસા સ્થળોમાં સમાવેશ પામેલા ગુજરાતનાં ચાર વારસા સ્થળોની મુલાકાત લેનાર પ્રવાસીઓની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે.**

**ગયા વર્ષે 12 લાખ 88 હજારથી વધુ લોકોએ આ ચાર વારસા સ્થળોની મુલાકાત લીધી હતી.**

**કેન્દ્ર સરકારના પ્રવાસન મંત્રાલય દ્વારા સ્વદેશ દર્શન ૨.૦ યોજના હેઠળ ધોળાવીરાને આવરી લઈને વિવિધ માળખાકીય સુવિધાઓનું નિર્માણ કરવાનું આયોજન નક્કી કરવામાં આવ્યું છે.**

---

## ગુડ ફ્રાઈડે પર્વ:

જગતને પ્રેમ કરુણા અને ક્ષમાનો સંદેશ આપનારા મસીહા ઈસુ ખ્રિસ્તનાં બલિદાનની યાદમાં આજે ખ્રિસ્તી લોકો ગુડ ફ્રાઈડેનું પર્વ ગંભીરતા પૂર્વક મનાવી રહ્યા છે. માનવતાનાં મસીહા પર રાજદ્રોહનાં ખોટા આરોપ મૂકી રોમન શાસકોએ તેમને વધ સ્તંભ પર લટકાવી દીધા હતા. આજે ખ્રિસ્તી લોકો દેવળોમાં જઈ પ્રાર્થના કરે છે અને ઉપવાસ રાખે છે. કચ્છમાં ભુજ ગાંધીધામ સહિત વિવિધ સ્થળે આ પર્વ મનાવાશે.

---

## રાજય સરકાર પંચાયત ગ્રાન્ટ:

રાજ્ય સરકારે ગ્રામ પંચાયતો, તાલુકા પંચાયતો અને જિલ્લા પંચાયતની નવી કચેરીઓના બાંધકામ માટેના અનુદાનમાં વધારો કર્યો છે. સત્તાવાર યાદીના જણાવ્યા મુજબ, નવી કચેરીના નિર્માણ માટે ગ્રામ પંચાયતોને 25 થી 40 લાખ રૂપિયાની રકમ વસ્તીના ધોરણે અપાશે. ગ્રામ પંચાયત સાથે તલાટી-કમ-મંત્રી આવાસ પણ નિર્માણ થવાથી ગ્રામ્ય સ્તરે જ તલાટીની ઉપલબ્ધિ સરળ બનશે.

તાલુકા પંચાયત કચેરીઓના બાંધકામ માટેની વર્તમાન અનુદાન સહાયમાં પણ વધારો કરાયો છે. 3 કરોડ 10 લાખ રૂપિયાને બદલે પાંચ કરોડ રૂપિયા અથવા મકાન નિર્માણમાં થયેલ ખરેખર ખર્ચ એ બે માંથી જે ઓછું હોય તે રકમની સહાય અપાશે. આ ઉપરાંત જિલ્લા પંચાયતને નવીન મકાનના નિર્માણ માટે 38 કરોડ રૂપિયાને બદલે 52 કરોડ રૂપિયા અથવા

ખરેખર થયેલ ખર્ચ એમાંથી જે ઓછું હોય તે પ્રમાણે યુનિટ કોસ્ટ અનુદાન રાજ્ય સરકાર આપશે.

---

## ઈજનેરી, ડિપ્લોમાં કોલેજો રી-સ્ટ્રકચરીંગ

વર્ષ 2023-24માં રાજ્યની સરકારી ઈજનેરી અને ડિપ્લોમા કૉલેજોની બેઠકોમાં થયેલા રી-સ્ટ્રકચરીંગથી વિદ્યાર્થી-વાલીઓને 35 કરોડ રૂપિયાની બચત થઈ છે. રી-સ્ટ્રકચરીંગની પહેલથી એક હજાર 600થી વધુ વિદ્યાર્થીઓને સરકારી સંસ્થામાં પ્રવેશનો લાભ મળ્યો છે. સરકારી સંસ્થાઓમાં રીસ્ટ્રક્ચરીંગ થયેલી બેઠકોમાંની ડિગ્રી ઇજનેરીની 92 ટકા અને ડિપ્લોમા ઇજનેરીની 89 ટકાથી વધુ બેઠકો ભરાઇ છે.

---

## હવામાન:

હવામાન વિભાગ દ્વારા રાજ્યના મહત્તમ તાપમાનમાં 2 થી 3 ડિગ્રીનો ઘટાડો થવાની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગના નિયામક એ કે દાસના જણાવ્યા અનુસાર ત્રણ દિવસ બાદ ફરી તાપમાનમાં 2 થી 3 ડિગ્રી સેલ્સિયસનો વધારો થઈ શકે છે.

દરમિયાન, રાજ્યમાં છેલ્લા 24 કલાક દરમિયાન મહત્તમ 45 ડિગ્રી સેલ્સિયસ તાપમાન કંડલા એરપોર્ટ ખાતે નોંધાયું હતું. જયારે જીલ્લા મથક ભુજમાં ગઈકાલે 41 ડિગ્રી, તો રાપરમાં 42 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયુ હતું.

---

## મેજીસ્ટ્રેટ-જાહેરનામું:

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા ગુજરાત વહીવટી સેવા વર્ગ-૧, ગુજરાત મુલ્કી સેવા વર્ગ-૧ અને ૨ તથા ગુજરાત નગરપાલિકા મુખ્ય અધિકારી સેવા વર્ગ-૨ની પ્રિલિમિનરી પરીક્ષા આગામી તા.૨૦ એપ્રિલના યોજાનાર છે. આ પરીક્ષાઓ દરમિયાન પરીક્ષા કેન્દ્રના સ્થળ તેમજ

તેની આજુબાજુના વિસ્તારમાં સલામતીની વ્યવસ્થા ગોઠવવા પ્રતિબંધાત્મક હુકમો જાહેર કરાયા છે.

જિલ્લામાં આ પરીક્ષા, ઉમેદવારો અસામાજિક તત્વોના ભય વિના આપી શકે તથા પરીક્ષા સ્થળના સંચાલકો અસામાજિક તત્વોના ભય વિના જાહેર પરીક્ષાનું સંચાલન કરી શકે તેમજ પરીક્ષા સમય દરમિયાન જાહેર વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પ્રતિબંધાત્મક હુકમો જારી કરાયા છે.

---